# સે-૧૯ ઓબીસી આયોગ બહારથી પાસના કાર્યકરોની અટકાયત

## દિનેશ બાંભણીયા અને નલિન કોટડીયા સહિત ૩૧ કાર્યકરોની અટકાયત કરી મુક્ત કર્યા





ગાંધીનગર સે-૧૯ ખાતે સ્થિત ઓબીસી આયોગ ખાતે આજે પાસનાં આગેવાનો દિનેશ બાંભણીયા અને નલિન કોટડીયા તેમના કાર્યકરો સાથે બપોરે અનામત સંદર્ભે આવેદનપત્ર આપવા માટે પહોંચ્યા હતા. ઓબીસી આયોગ બહાર ૩૧થી વધુ કાર્યકરો ભેગા થઈ ગયા હતા અને આવેદનપત્ર આપવા જવાની તૈયારી કરતા હતા તે દરમ્યાન ગાંધીનગર પોલીસે દિનેશ બાંભણીયા અને નલિન કોટડીયા સહિત ૩૧ આગેવાનો-કાર્યકરોની અટકાયત કરી લીધી હતી. પાસનાં આગેવાનોને ઓબીસી આયોગમાં આવેદનપત્ર પણ આપવા દેવાયુ ન હતુ. તમામ ૩૧ કાર્યકરોની અટકાયત બાદ સમી સાંજે તેમને મુક્ત કરી દેવામાં આવ્યા હતા.

# ડભોડા હનુમાનજી મંદિરે કાળી ચૌદશના દિવસે લોકમેળો યોજાશે

## શનિવાર અને કાળી ચૌદશના શુભ સંયોગથી લાખો ભક્તો દર્શનાર્થે ઉમટી તેલનો અભિષેક કરશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ ડભોડા ખાતે પૌરાણિક હનુમાનદાદાનું મંદિર આવેલું છે. દાયકાઓ જુનુ મંદિર ભક્તોમાં ડભોડીયા દાદા તરીકે પ્રચલીત છે. ત્યારે હનુમાનજી મંદિરે દર વર્ષની પરંપરા મુજબ દિપાવલી પર્વના ધનતેરસ અને કાળી ચૌદશના રોજ ભવ્ય લોકમેળો યોજાય છે. જેને અનુલક્ષી મંદિર પરિવાર અને ગ્રામજનોએ આ વર્ષે મેળાની તૈયારીનું કામ પૂરજોશમાં શરૂ કરી દીધું છે.

આ વર્ષે તા. ૨૮મી ઓક્ટોબરને શુક્રવારના રોજ ધનતેરસની રાત્રે ૧૧ કલાકે મહાઆરતી સાથે લોકમેળાનો શુભારંભ થશે. તા. ૨૯મી ઓક્ટોબર શનિવારની રાત્રે ૧૨ કલાક સુધી લોકમેળો ભરાશે. આ લોકમેળામાં લાખો શ્રદ્ધાળુઓ હનુમાનદાદાના દર્શન કરી ધન્યતા અનુભવે છે. જ્યારે કાળી ચૌદશના દિવસે યોજાતી મહાઆરતીનું ભક્તોમાં વિશેષ મહાત્મ્ય રહેલું છે. મહારતીમાં દાદાના ભક્તો સમગ્ર રાજ્યમાંથી ઉમટી પડે છે. મંદિરમાં ભક્તોના ધસારાને પગલે મંદિર તરફના વિવિધ માર્ગો પર પાંચ અલગ અલગ સ્થળો પર મોટી એલઈડી સ્ક્રીન મુકવામાં આવનાર છે. જેથી દરેક આવનાર ભક્ત મહાઆરતીનું જીવંત પ્રસારણ સરળતાથી નિહાળી શકે. આ વર્ષે શનિવાર અને કાળી ચૌદશનો શુભ-સંયોગ સર્જાતા ભક્તોની સંખ્યામાં વધારો થઈ શકવાની સંભાવનાને પગલે ટ્રસ્ટી મંડળ દ્વારા દર્શનાર્થીઓને કોઈપણ જાતની તકલીફ ન પડે તે માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. ડભોડીયા મંદિરે લોકમેળાની મોટાભાગની તૈયારીઓ પૂર્ણ કરી દેવાઈ છે. મંદિરની સુંદર વ્યવસ્થા અને બંદોબસ્ત માટે ગામના સ્વયંસેવકોની ટીમ અને વહીવટીતંત્ર ખડેપગે સેવા પુરી પાડશે. સમગ્ર મંદિરને રોશનીથી સજાવી દેવામાં આવતા મંદિર પરિસર સાંજ ઢળતા જ ઝળહળી ઉઠે છે.



## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ





મે આ દિવાળીએ ચાઈનીઝ વસ્તુનો બહિષ્કારનાં શપથ લઇને આવ્યો છું... તેથી... આપણે ફટાકડા નથી ફોડવાના... સીરીઝ નથી કરવાની... લક્ષ્મીજીની મૂર્તિ નથી લાવવાની... આ તેલ લાવ્યો છું તેના દિવા કરજે...!!

# જીએસપીસીનું ઓએનજીસી સાથે મર્જર કરવા સામે કોંગ્રેસ વિરોધ કરશે

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત સરકારની કંપની જીએસપીસી (ગુજરાત સ્ટેટ પેટ્રોકેમિકલ્સ કોર્પોરેશન લીમીટેડ)નું ભાજપ સરકારે ઓએનજીસી સાથે મર્જર કરવાનો નિર્ણય લેવાના ચક્રો ગતિમાન કર્યા છે. જેને વખોડી કાઢવા માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા તા. ૨૭ ઓક્ટોબર, ૨૦૧૬ ગુરૂવારના રોજ વિરોધ પ્રદર્શિત કરતો કાર્યક્રમ રાજ્યના ૮ મહાનગરોમાં કરવાની જાહેરાત કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ મૌલિન વૈષ્ણવે જણાવ્યું હતું કે, જીએસપીસીનું રૂ. ૨૦,૦૦૦ કરોડનું કૌભાંડ છાવરવા માટે લેવાયેલા આ નિર્ણય રાષ્ટ્રના હિતમાં નથી. એટલું જ નહિ, રાષ્ટ્રની ઓએનજીસી જેવી સંસ્થામાં ભારે ખોટ ધરાવતી જીએસપીસીનું મર્જરનો વિચાર એ રાષ્ટ્રીયદ્રોહ છે.

ચોકીદાર તરીકેની મોટી મોટી વાત કરનાર ભાજપના મુખીયાએ પ્રજાની તિજોરીને મોટુ ગાબડુ પાડ્યું છે. ત્યારે કોંગ્રેસ પક્ષ પ્રજાના હિતમાં ભાજપના ભ્રષ્ટાચાર સામે અને જીએસપીસીના કૌભાંડને લઈને રાજ્યના ૮ મહાનગરોમાં આવતીકાલે તા. ૨૭-૧૦-૨૦૧૬ના રોજ દેખાવો યોજાશે.




ગાંધીનગર સેક્ટર-૨માં રહેતી વિધિ ભરત શાહે 'શહીદોને સલામ અને સર્જિકલ સ્ટ્રાઈક' વિષય પરની અદ્ભૂત રંગોળી પોતાના ઘરે કરેલ છે. અગાઉ પણ તેઓએ 'સ્વચ્છ ભારત અભિયાન' અને 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' વિષય પરની સુંદર રંગોળી બનાવી હતી.

# બાલીકાઓ અને વાલી મંડળ દ્વારા રાજ્યપાલની મુલાકાતે

ગાંધીનગર, તા. ૨૬

ધી એસોસિએશન ઓફ પેરેન્ટસ હેવીંગ ગર્લ્સ ચાઈલ્ડ ઓનલીના સદસ્યો અને બાલિકાઓએ આજે રાજભવન ખાતે ગુજરાતના રાજ્યપાલ ઓ.પી. કોહલીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

રાજ્યપાલ સાથે વાર્તાલાપ દરમ્યાન મંડળના ટ્રસ્ટીઓએ એસોસીએશનની રચનાના હેતુઓનો ખ્યાલ આપી જણાવ્યું હતું કે આ એક વિશિષ્ટ પ્રકારનું વાલી મંડળ છે, જેના સભ્યોને સંતાનમાં ફક્ત દીકરી છે. યુનેસ્કોએ પણ મંડળની ઉદાત્ત ભાવનાની નોંધ લીધી છે. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે ''બાલિકા પઢાઓ, બાલિકા બચાવો'ની ભાવનાને આ મંડળે બળવત્તાર બનાવી છે, જે પ્રેરણાદાયક છે.

# મેડીકલ છાત્રોનો દિવાળી ઉજવવાનો અનોખો 'પ્રયાસ'

ગાંધીનગર, તા.૨૬

જીએમઈઆરએસ મેડીકલ કોલેજ ગાંધીનગરના વિદ્યાર્થીઓ દ્વારા અભ્યાસની સાથોસાથ 'પ્રયાસ' નામની સેવાકીય સંસ્થા શરુ કરવામાં આવી છે. સંસ્થા દ્વારા અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવે છે. જેમાં વિકાસ કેન્દ્રના બાળકોને શિક્ષણ, જરૂરીયાત બાળકોને મીઠાઈ તથા ચવાણાનું વિતરણ, બાળગૃહમાં રહેતા બાળકોને આરોગ્યની જાળવણીનું શિક્ષણ સહિત જરુરીયાતવાળા બાળકોને કપડાનું વિતરણ કરવામાં આવે છે. વર્ષ દરમિયાન સમયાંતરે ચાલતી સેવાકીય પ્રવૃત્તિમાં શહેરના નાગરીકોનો પણ સાથ અને સહકાર મળી રહે છે ત્યારે મેડીકલના વિદ્યાર્થીઓના 'પ્રયાસ'માં સેવાના રથમાં સહયોગી બને તો દિવાળી પર નીચેની પ્રવૃત્તિઓ કરવામાં આવનાર છે જેમાં બાળકોમાં મીઠાઈ વિતરણ, ચવાણાનું વિતરણ, કપડા-ધાબળા-સ્વેટર વિતરણ તેમજ રમકડાં વિતરણ કરવામાં આવનાર છે. મીઠાઈ તથા કપડા માટે સ્વેચ્છાએ આર્થિક રીતે સહભાગી થવા અપીલ કરવામાં આવી છે. આ દિવાળી પર્વ પર શુભકાર્ય થકી દિવાળીને દિપાવી શકીએ. આ અંગે વધુ માહિતી માટે વિનય ત્રિવેદી ૯૭૩૭૪૮૪૫૨૪ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# રોટરી ક્લબ ઓફ દહેગામ દ્વારા ઓબેસીટી અને ચીકનગુનિયા અને ડેન્ગ્યુ પર સેમીનાર યોજાયો

ચિલોડા, તા. ૨૬

આજના ફાસ્ટ યુગમાં બદલાતી જીવનશૈલી અનિયમિતતા, જંકફૂડનો વધારે પડતો ઉપયોગ અને બેઠાડુ જીવન જેવા પરિબળોને કારણે



ઈનફેક્ટ કેલેરી અને આઉટફૂટ કેલેરી વચ્ચે મોટો તફાવતને કારણે મેદસ્વીતા એટલે કે ઓબેસીટીનું પ્રમાણ વધ્યું છે. જેની સમજ માટે ઓબેસીટી થવાના કારણો, નવારવા શું પગલા લઈ શકાય વગેરે બાબતોની છણાવટ કરતુ શહેરના જાણીતા ફિઝિશીયન ડૉ. કવિત કોઠારી અને ડૉ. ખુશ્બુ કોઠારીએ રસપ્રદ પ્રવચન આપ્યું હતું.

દહેગામ તાલુકા અને સમગ્ર ગાંધીનગર જિલ્લામાં કાળો કેર મચાવનાર ડેન્ગ્યુ વિષય પર રોટે. ડૉ. રોનક પટેલે ખૂબ જ વિસ્તૃત માહિતીસભર વક્તવ્ય આપ્યું હતું. જેમણે જણાવ્યું હતું કે ડેન્ગ્યુને સમજીને યોગ્ય અટકાયતી પગલા લેવામાં આવે તો તેને થતો જ અટકાવી શકાય છે. ડેન્ગ્યુ થયા બાદ પણ સમયસર સારવાર લેવામાં આવે તો તેની આડ અસરો કે ગંભીર પરિણામોથી બચી શકાય છે.

આ પ્રવચનો બાદ મોટી સંખ્યામાં હાજર રહેલ રોટેરિયન મિત્રો, દહેગામ શહેરના નામાંકિત ડૉક્ટરો તથા આમંત્રિત મહેમાનો દ્વારા પ્રશ્નોત્તરી પણ કરવામાં આવેલ હતી. જેના સુદૃઢ છણાવટથી જવાબો પેનલ ડૉક્ટરો તથા મીટ કૉ. ઓર્ડિનેટર ડૉ. કે.એન. કોઠારી દ્વારા આપવામાં આવેલ હતા.

સમગ્ર કાર્યક્રમનો સફળ બનાવવા એજી. રોટે. તુલસી પટેલ, પ્રેસીડેન્ટ રોટે. જગદીશ પટેલ, રોટે. રંગેશ શાહ, રોટે. મહેશ પટેલ તથા સેક્રેટરી રોટે. પલક શાહે વિશેષ જહેમત ઉઠાવી હતી.

# ૨૭ કલાકારોને ૧૦ લાખથી વધુ રકમના માંદગી સહાયના ચેક અપાયા

ગાંધીનગર, તા. ૨૬

રાજ્ય સરકારની યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિની કચેરીની સાંસ્કૃતિક પરંપરાઓ અને પ્રણાલિઓને લોક ભોગ્ય બનાવવા આ કચેરીનો હંમેશા સકારાત્મક અભિગમ રહ્યો છે.

રમતગમત રાજ્યમંત્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીની અધ્યક્ષતામાં કલાકાર કલ્યાણ નિધિની બેઠક યોજાઈ હતી. જેમાં તમામ અરજદાર કલાકારોની અરજીઓ મંજુર કરવામાં આવી હતી. તદઉપરાંત ગુજરાતમાંથી સાબરકાંઠા, મહેસાણા, પાટણ, વડોદરા, ભાવનગર, પંચમહાલ અને અમદાવાદ જિલ્લાના ૨૭ જેટલા કલાકારોની માંદગી સંદર્ભે યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કચેરીના કમિશનર એમ.વાય. દક્ષિણીના હસ્તે ૨૭ કલાકારોને રૂ. ૧૦,૮૮,૧૦૦ની સહાયના ચેકો અરજદારોને રૂબરૂ આપવામાં આવ્યા હતા.

# બાળ સુરક્ષા અંતર્ગત દહેગામ જીઆઈડીસી ખાતો લોકજાગૃતિ કાર્યક્રમ યોજાયો

ચિલોડા, તા. ૨૬

જિલ્લા બાળ સુરક્ષા કચેરી, ગાંધીનગર તથા જીઆઈડીસી એસોસીએશન દહેગામના સંયુક્ત



ઉપક્રમે 'બાળકોના અધિકારો અને કાયદા' વિષય પર એક દિવસીય લોકજાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં જિલ્લા બાળ સુરક્ષા અધિકારી સંજયભાઈ પટેલે બાળકોના અધિકારો અને કાયદાકીય વિષયક વિસ્તૃત જાણકારી આપતા જણાવ્યું છે કે હાલમાં આપણા બંધારણ મુજબ મૂળભૂત અધિકારોની પૂર્ણ કરવાની જવાબદારી સૌની છે. રાષ્ટ્રમાં ઘણાં બાળકો બાળ મજૂરી, બાળ ભિક્ષાવૃત્તિ ત્યજી દેવાના બનાવો, જાતીય શોષણ, બાળલગ્ન, ગુમ થતાં બાળકો વધુ જોવા મળે છે. આવા શોષિતો પિડિત બાળકોને યોગ્ય સુરક્ષીત વાતાવરણ મળી રહે તે માટે કેન્દ્ર સરકારે આઈસીપીએસ યોજના અમલીકરણ કરેલ છે.

સુરક્ષા અધિકારી વિજય ડી. પરમારે બાળકો અંગેની સરકારી વિવિધ યોજના જેવી કે પાલક-માતા-પિતા યોજના, એચ.આઈ.વી. શિષ્યવૃત્તિ યોજના, સ્પોન્સરશીપ યોજના, વિકલાંગ અને ઓળખકાર્ડ યોજના વગેરેની વિસ્તૃત જાણકારી આપી હતી. આ શિબિરમાં બાળકોના કાયદાકીય જોગવાઈ અંગે વિસ્તૃત માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જીઆઈડીસી એસોસિએશનના ૬૭ લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સફળ આયોજન તથા આભારવિધિ જીઆઈડીસીના પ્રમુખ બારોટભાઈએ કરી હતી.

# સરદાર પટેલ જન્મજયંતિ નિમિત્તે પુષ્પાંજલી અપાશે

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત વિધાનસભા સંકુલમાં વિઠ્ઠલભાઈ પટેલ ભવનમાં પ્રથમ માળે આવેલ પોડિયમમાં સરદાર વલ્લભભાઈ પટેલના ૧૪૨માં જન્મ દિવસ નિમિત્તે તેમના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પવાનું અધ્યક્ષ દ્વારા નક્કી કરાયું છે. તા. ૩૧મી ઓક્ટોબર-૨૦૧૬ને સોમવારના રોજ સવારના ૯.૩૦ કલાકે પુષ્પાંજલિ અર્પવા માટે ઉપસ્થિત રહેવા જાહેર જનતાને ગુજરાત વિધાનસભા દ્વારા જણાવાયું છે.

# પેથાપુર ફતેપુરાની સગીરાનાં અપહરણ બાદ છુટકારો

## ગાડી લઇને આવેલો પડોશી યુવાન શખ્સ સગીરાની સાથે બકરા પણ ઉઠાવી ગયો હતો : આરોપીની ધરપકડ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર નજીક આવેલા પેથાપુરનાં ફતેપુરા વિસ્તારની એક સગીરાનું ચાર દિવસ પહેલા એક ગાડીમાં રાત્રી દરમ્યાન અપહરણ થઈ ગયુ હતુ. બીજા દિવસે તેણીને મુક્ત કરી દેવાઈ હતી. ગાડીમાં સગીરા સાથે તેણીના ઘરમાંથી ત્રણ બકરા પણ ચોરી ગયા હતા. સગીરાનાં પિતાની ફરિયાદ આધારે પેથાપુર પોલીસે ગુનો નોંધી સી.પી.આઈ એ ઉંડી તપાસ શરુ કરી છે. આરોપી તેણીનો પડોશી જ હોવાનુ ખુલ્યુ છે અને તેની ધરપકડ પણ કરી લેવામાં આવી છે. સી.પી.આઈ વાય.એમ.મિશ્રાએ ગુનાની ઉંડી તપાસ શરુ કરી છે. આરોપીએ સગીરાનું અપહરણ કરીને શુ કર્યુ અને ક્યા ક્યા લઈ ગયો હતો તેની પણ ઝીણવટભરી તપાસ ચાલી રહી છે.

# પારૂલ યુનિવર્સિટીના ઓફ કેમ્પસનો વિવાદ વકર્યો

ગાંધીનગર, તા. ૨૬

પારૂલ યુનિવર્સિટી દ્વારા બોપલ ખાતે ઓફ કેમ્પસનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં ફીઝીયોથેરાપી, હોમીયોપેથી અને બીસીએ કોલેજ ચાલે છે. તે પૈકીની માત્ર ફીઝીયોથેરાપી કોલેજ જ પારૂલ યુનિવર્સિટીને સંલગ્ન ગણાવાઈ છે. કેમ્પસમાં ચાલતી અન્ય કોલેજો બાબતે ખુલાસો આપવા એનએસયુઆઈએ માંગણી કરી છે.

સરકારે પારૂલ યુનિવર્સિટીને ૧ ઓગષ્ટ ૨૦૧૬ના રોજ નોટીસ ફટકારી અમદાવાદ, રાજકોટ અને વડોદરામાં ચાલતા ઓફ કેમ્પસ ગેરકાયદેસર હોવાનું જણાવી ખુલાસો માંગ્યો હતો. સરકારે પારૂલ યુનિવર્સિટીને યુજીસીના નિયમો અને રાજ્ય સરકારનો પ્રાઈવેટ યુનિવર્સિટી એક્ટ બતાવી તેમના આ ઓફ કેમ્પસ સરકારની પરવાનગી લીધા વિના કાયદાની જોગવાઈઓ વિરૂદ્ધ ચાલતા હોવાનું સરકારે સ્વિકાર્યું છે. આ બાબતે અમદાવાદમાં બોપલ કેમ્પસમાં હોમિયોપેથી, ફીજીયોથેરાપી અને બીએસસી એગ્રીકલ્ચરનો અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. જે નિયમો વિરૂદ્ધ છે. પરંતુ આ બાબતે પારૂલ યુનિવર્સિટી દ્વારા શિક્ષણ વિભાગ કે સંબંધિત યુનિવર્સિટીઓને યોગ્ય ખુલાસો આજ સુધી કર્યો નથી.

ગુજરાત પ્રદેશ એન. એસ. યુ. આઈ. પ્રવક્તા ભાવિક સોલંકીએ ગેરકાયદેસર ચાલતા સેન્ટરો પર આકરા પગલા ભરવાની માંગ કરતા જણાવ્યું હતું કે, શિક્ષણ વિભાગે પારૂલ યુનિવર્સિટીના અમદાવાદમાં બોપલ ખાતેના ઓફ કેમ્પસ સામે કાયદાકીય પગલાં લેવા ગુજરાત યુનિવર્સિટીને પણ ૧ ઓગષ્ટ ૨૦૧૬ના રોજ આદેશ કર્યો હતો. જેને લઈને ગુજરાત યુનિવર્સિટીએ પારૂલ યુનિવર્સિટીને આ બાબતે ખુલાસો કરવા ત્રણ વખત નોટીસ ફટકારી પુરાવા માંગ્યા. પરંતુ પારૂલ યુનિવર્સિટીએ ગુજરાત યુનિવર્સિટીની એક પણ નોટીસનો યોગ્ય જવાબ આપ્યો નહી. એક્ટમાં બોપલની ફીઝીયોથેરાપી કોલેજને જ પારૂલ યુનિવર્સિટી સંલગ્ન કોલેજ ગણવામાં આવી છે. જ્યારે બોપલ કેમ્પસમાં ફીઝીયોથેરાપી ઉપરાંત હોમિયોપેથી અને બીએસસી કોલેજ પણ ચાલે છે. અને ગુજરાત યુનિવર્સિટી પારૂલ યુનિવર્સિટીના ઓફ કેમ્પસ સામે પગલાં ભરવાને બદલે કાર્યવાહી આગળ ચાલી રહી હોવાની વાત કરી રહ્યા છે.

**NOTICE REGARDING DESTROYED SHARE CERTIFICATE**

**UNIT :** VST TILLERS TRACTORS LIMITED

**REGISTERED OFFICE :**
PB NO. 4801, MAHADEVAPURA POST
WHITEFIELD ROAD, BANGALORE - 560048

I, the registered Share Holder of under mentioned Shares held in VST TILLERS TRACTORS LIMITED hereby given notice that the Share Certificate in respect of the Aforesaid shares have been DESTROYED by white ants and I have applied to the Company to issues Duplicate Share Certificate.

Any person who has a claim in respect of the said shares should lodge such claim with the Company at its Registered office within 15 days from this date, else Company will proceed to issue Duplicate Share certificate without further intimation.

**FOLIO NO : 03203**

| NO OF SHARES | CERT NO | DIST NO |
|---|---|---|
| 50 | 18928 | 1714961-1715010 |

DATE : 27/10/2016
PLACE : Gandhinagar

Name of the Registered Share Holder :
**RAMESHCHANDRA PATEL**
**J/W INDIRA R. PATEL**